# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એક તો નાનું શું ઘર મળ્યું.
ત્યાં લાગણીનું ટોળું વળ્યું.

ઓળખે છે આ ચહેરો સૌ.
હૈયું કદી ના કોઈએ કળ્યું.

જ્યાં પ્યાલી હોઠે લગાડી,
તો અમૃત માંહે વિષ ભળ્યું.

દુઆઓ કોની કામ લાગી?
વગર દવાએ પણ દર્દ ટળ્યું.

દસ્તક દઈને આ બંધ દ્વારે,
લાગે છે કે કોઈ પાછું વળ્યું.

આંખો મીંચી'તી જ્યાં જરા,
કોઈ સ્વપ્ન જૂનું સળવળ્યું.

- મુકુલ દવે "સનમ"

## પાથેય

- રમેશ ઠક્કર

### ચહેરાની સાચી ઓળખ...

આવાસ હંમેશાં સહેવાસ ચાહે છે..એ ભલે નાનકડો હોય..ઘર એ માટીનું હોય કે પાકી ઈમારત એનો પાયો એ સ્નેહ છે..ઉંચી દુકાનનાં સૂકાં પકવાન એમ ઘણીવાર નામ મોટાં અને દર્શન ખોટાં એવા અનુભવ પણ થતા રહે છે..નાનકડું ઘર હોય પણ એ કોલાહલ થકી કિલ્લોલમય બની શકે છે..વિશાળ મહેલોમાં વિષાદ સિવાય કશું હોતું નથી.સામાન્ય રીતે નાનકડા ઘરમાં રહેતો માણસ એનો ઉદારતાને કારણે લોકોના પ્રેમનો મુકામ બની જાય છે..અને એટલે જ એનું નાનકડું આંગણ લાગણીઓના ટોળાથી ઉભરાઈ જાય છે.

પરિચિતોથી ઘેરાયેલો માણસ બધાનો માનીતો હોય એવો સીધો હિસાબ નથી હોતો..આપણને બધા ઓળખે એવું કહેવામાં મોટા ભાગના લોકો ગૌરવ અનુભવતા હોય છે..પંચમાં પૂછાવાની કે સમાજમાં છવાઈ જવાની તાલાવેલી ઘણીવાર આસકિત જેવી બની જાય છે.આપણને સહુ ઓળખે ખરા પણ એ ઓળખ સપાટી ઉપરની હોઈ શકે..માણસની ભીતર જોઈ એના હૈયાને અથવા એના મનને જે પામી શકે એ જ સાચો ઓળખીતો કહેવાય..ચહેરાની ઓળખ તો છેતરામણી હોય છે.

જગતમાં વિષ અને અમૃત સમાંતર મળતાં રહે છે.આ કલ્પના અને વાસ્તવ છેક દેવ અને દાનવોના સમયથી ચાલે છે..તમને ધરેલો ગ્લાસ સ્નેહનો છે મજબૂરીનો છે કે પછી છળકપટનો એ સમજવું મુશ્કેલ હોય છે..માણસ ઘણીવાર છલનાનો શિકાર બની જાય છે.છેક હોઠ સુધી આવી જતું અમૃત છેલ્લે ખબર પડે કે એમાં વિષ ભરેલું હતું..ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે..આપણી આસપાસ અને પીઠ પાછળ અનેક અટપટા ખેલ ભજવાતા રહે છે..માણસ સાચવીને ચાલે તો પણ કોઈકની ઈર્ષાનો શિકાર બનતો રહે છે.

કહેવાય છે કે જ્યાં દવા કામ ના કરે ત્યાં ઘણીવાર દુવા એટલે કે આશીર્વાદ કામ કરી જાય છે. જગતના ઉપચારો સ્વાર્થ આધારિત હોઈ શકે પણ જે લોકો તમને દિલથી ચાહે છે એની એક દુવા આપણું જીવન નવપલ્લવિત કરી નાખતી હોય છે..ઘણીવાર કોઈકની શુભ લાગણી થકી વગર દવાએ ગંભીર દર્દ મટી જાય છે..દુવાઓની આ તાકાત છે.

ભ્રમણાઓ ગજબ હોય છે..આપણા બંધ દરવાજા ઉપર કોણ દસ્તક આપી જાય એ પણ ખબર પડતી નથી..અણધારી મદદ કે અજાણ્યા લોકોનો સહવાસ એ પણ મોટી ઉપલબ્ધિ જેવું હોય છે.આપણે જાગતા હોઈએ ત્યારે જીવન ગતિમય લાગે છે..એ પ્રવાહમાં ઘણું બધું તણાઈ જાય છે..ભુલાઈ જાય છે.પરંતું નિરાંતે જયારે ઉંઘીએ છીએ ત્યારે ધરબાઈ ગયેલાં સપનાં જાણે જીવંત બની જાય છે..!કવિઓ અને સર્જકોનું વિસ્મય શિશુસહજ હોય છે પણ એમાં જે મર્મ છુપાયેલો હોય છે એ પરિપકવ વિચારી જેવો હોય છે..

# બંગાળની ખાડીનો અનેરો અસબાબ... આંદામાન-નિકોબાર...!

દરિયાનો રોમાંચ આપણા સહુમાં ઢબુરાયેલો જ હોય છે.મને પણ એવું જ કુતુહલ છે..અત્યાર સુધી એના અગાધપણા વિશે અબુધ હતો..એક દરિયાઈ સફર પછી એ વિસ્મય વેરાતું રહયું..એને શબ્દસ્થ કરવાનો આનંદ પણ જેવો તેવો નથી.



અમદાવાદ એરપોર્ટથી એની શરૂઆત થઈ અને એક વિરામ લઈ કલકત્તાથી ઉડેલા હવાઈજહાજની નીચે આવું અજાયબ વિશ્વ વિહરતું હશે એની કલ્પના જ ન હતી..આમ કહેવાય બંગાળની ખાડી પણ અસબાબ તો હિંદ મહાસાગરનો જ..આંદામાનની રાજધાની પોર્ટબ્લેરમાં ઉતરતાં જ ચોતરફ ગાઢ ભૂરા રંગના આવરણનો એક અજાયબ આવકાર અનુભવ્યો..અમે હવે દરિયાના હદયમાં હતા..ઉપર લટકેલું આકાશ અનોખું લાગતું હતું..તડકો તેજમિજાજ.. ઘડીકવારમાં ઘેઘૂર વાદળો આવી ચડ્યાં..અને વરસાદી બૌછાર..પોર્ટબ્લેરની આ પહેલી ઓળખ..આમ તો ભારતીયતાનો સતત અનુભવ કરાવે એવું પાટનગર આ દ્વિપસમૂહનું,અને છતાં એક અનોખી મુખમુદ્રાવાળું..નામમાં જ સમાયું છે એમ એ એક પોર્ટ તો ખરૂં જ પણ ભાતીગળ વારસો ધરાવતું શહેર પણ ખરૂં.

અમારો મુકામ શહેરની વચ્ચે એક આધુનિક હોટલમાં.સ્હેજ ઉંચાઈ ઉપર. નિવાસની બિલકુલ નીચે દરિયો ઘૂઘવતો હતો..રમણીય આકાશ અને પવનની લ્હેરખીઓ સ્પર્શી ગઈ. "જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર..તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની.." ઉછળતાં મોજાં અને મુલાયમ દરિયાઈ લહેરો રોમાંચિત કરવા પર્યાપ્ત હતાં.."કલાપી" એ એને નાજુક સવારી કેમ કહી હશે એની મને હવે ખબર પડી ! સામે જ દેખાતા બીજા બે રળિયામણા ટાપુ રોઝ આઈલેન્ડ અને નોર્થ બેલ જેનું ચિત્ર આપણી વીસ રૂપિયાની ચલણી નોટ ઉપર અંકિત થયેલું છે એ સૌંદર્યના લચપચતા લાડુ જ કહી શકાય...!આજે તો એને દૂરથી જ જોવાના હતા..છતાં પણ એનું સૌંદર્ય મનભાવન હતું..અહીં ટાપુઓની નવાઈ જ નથી..નામી અને અનામી એકમેકથી અંતર રાખી છતાં એક તાંતણે પરોવાયેલા આ તમામ દરિયાઈ નેકલેસ જેવા લાગી રહયા છે..અહીં પાણીના ઘૂઘવાટા અનુ આકાશના આટાપાટા સમગ્ર જળરાશીને જીવંત બનાવે છે.

આંદામાનનો ઈતિહાસ ઉખેળવો એટલે જાણે જાજરમાન જળવૈભવને ઊલેચવો..પંદરમી સોળમી સદીમાં જયારે સામુદ્રિક માર્ગ વિકસી રહયા હતા ત્યારે પ્રચંડ પાણી વચ્ચે લટકી રહેલા આ ટાપુઓ જળખેડૂઓ માટે વિસામાનું વિશ્વસનીય સ્થળ હતા..સાહસિક વેપારીઓ માટે અપાર શકયતાઓ ધરાવતો મુકામ હતો..ચાંચિયાઓ અને સંશોધકો માટે પણ મનગમતો પ્રદેશ હતો.




નીકોબાર પણ એક મહત્વનો આઈલેન્ડ?છે. આખા વિસ્તારની ઓળખ એક જ શબ્દમાં આંદામાન તરીકે થાય છે..ક્યાંથી આવ્યો હશે આ શબ્દ ? શોધખોળ કરી તો પગેરૂં રામાયણમાં મળ્યું..! એવી માન્યતા છે કે હનુમાનજી મૂર્છિત લક્ષ્મણજી માટે જે ઔષધીની શોધમાં નીકળેલા અને એ માટે આખો બેટ ઉંચકીને લાવ્યા હતા એ આ જ પ્રદેશ ! એમના એ સાહસને કારણે આ વિસ્તારનું નામ પડ્યું હનુમાન..જે અપભ્રંશ થતાં ક્રમશઃ બન્યું આંદામાન..છે ને અદ્ભુત વાત ?આ કથામાં સત્ય જે હોય એ પણ એટલું ચોકકસ કે આંદામાનને ઉચકવાનું કામ તો હનુમાન જતિ જેવા વિરલ પુરૂષ જ કરી શકે..

સૌથી મોટા ટાપુ એવા પોર્ટબ્લેરનું નામ તો અંગ્રેજોએ ઓગણીસમી સદીના આરંભે આપ્યું..આ ટાપુઓ એમના માટે લશ્કરી વ્યૂહરચના માટે મહત્વના હતા..એ ઉપરાંત ગોરી ફૂલગુલાબી મઢમો અને આખા જગતનો કારોબાર ચલાવતા બાહોશ અંગ્રેજ હાકેમો માટે આ હવા ખાવાનાં સ્થળ પણ હતાં...એના ઘણા પુરાવાઓ અવશેષો આજે પણ અહીં જોઈ શકાય છે..પોર્ટબ્લેરથી આગળ બે કલાકની પાતાળનો પરિચય કરાવતી દરિયાઈ સફર પછી આવે હેવલોક ટાપુ..અનુપમ રાધાસાગર બીચ..અને મહાસાગરના મોતી જેવો એલીફન્ટા આઈલેન્ડ..તમે પ્રકૃતિપ્રેમી ના હોવ તો પણ તમને પાગલ બનાવી દે એવો લખલૂંટ જળવૈભવ..આ ટાપુઓની સિરિઝ કોઈ સિલસિલાબંધ કહાનીથી જરા પણ કમ નથી !

દરિયાઈ સફર અટકતી નથી. ત્યાંથી ફરી એક કલાક ઘટાટોપ જળની વચ્ચે મુસાફરી કરતાં નીલ નામનો આઈલેન્ડ આવે..એને નિસર્ગનું નજરાણું જ કહેવાય..આ બધાં નામો અંગ્રેજ વિરાસતના અવશેષ જેવાં છે..આપણે એને નવાં નામ આપ્યાં છે..હેવલોક હવે સ્વરાજ દ્વીપ છે નીલ ને શહીદ દ્વીપ નામ અપાયું છે...નામ બદલાયાં છે પણ સૌંદર્ય સનાતન છે..કૂકાચબા કરચલા ક્રોકોડોઈલ શેવાળ કોરલ અને અધધધ..તમે જો કવિ હોય તો તમારૂં આવી જ બને..!

પણ એમ આંદામાન નિકોબારને આમ ચંદ શબ્દોમાં લપેટી ના શકાય..ત્રણસો પચ્ચીસ કિલોમીટર જેટલી દરિયાઈ ઉભી પટ્ટી..મહાસાગરની વચ્ચોવચ..કયાંક તૂટક કયાંક દુર્ગમ..આપણા વડવાઓ કહી શકાય એવા ટુંકા ટૂંકા વાળ વાળા વનવાસીઓ..ઘેઘૂર વનરાજી..નાળિયેરી તો લખલૂંટ..ફીણ મોજાં તો પારાવાર જાતજાતનાં...આ બધાથી તમે અભિભૂત થયા હો ત્યારે શબ્દોમાં એને સમાવવાની ચેષ્ટા બાલીશ લાગે.. તોય પણ એને પકડવાની મથામણ રોકવી મુશ્કેલ જ કહેવાય..

ઘણી વાતો છે..કાળાપાણીની સજાનો ઈતિહાસ..સેલ્યુલર જેલ..વીર સાવરકરની રોમાંચક ગાથા..સેલ્યુલર જેલના ટાવર ઉપર લગભગ ચારસો જેટલા ક્રાંતિવીરોની ઝળહળતી યાદી જોઈ દેશપ્રેમનો ઉભરો આંખ ભીની કરી ગયો..કેવાં કેવાં નામો...આખા ભારતમાંથી આવેલા એ દેશભકતો જાણે કહી રહયા હતા..'જરા આંખ મેં ભર લો પાની..!' એમાં ભલે કોઈ ગુજરાતી નામ ન હતું પણ પોર્ટબ્લેરના ઈતિહાસમાં પહેલી માર્કેટ શરૂ થઈ એ ગુજરાતી લોકોએ શરૂ કરેલી અને એ પણ જેવું તેવું સાહસ ના ગણાય..આજે પણ આ ટાપુઓ ઉપર ધંધા રોજગારનો ધમધમાટ તો ગુજરાતીઓ થકી જ છે..મુખ્યત્વે બંગાળીઓ તામિલ અને મરાઠી લોકો..આમ છતાં આખા ભારતનું પ્રતિનિધિત્વ હોય એમ તમામ પ્રદેશના લોકો એકતાંતણે વસેલા છે..લોકોમાં ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવના અદ્ભુત જોવા મળે..એમને ભારતના અન્ય ભાગો માટે પારાવાર લગાવ અને તાલાવેલી પણ ખરી..

ખાસ રોમાંચક વાત એ પણ ખરી કે ભારતમાતાની આઝાદી માટે નેતાજી સુભાષચંદ્ર બોઝ એમની લડાયક સૈનિક પ્રવૃત્તિઓ અહીંથી ચલાવતા..એક કાળે અંગ્રેજો પાસેથી આ વિસ્તાર જાપાનીઓ એ કબ્જે કરી લીધો હતો..બીજા વિશ્વયુધ્ધ પછી ફરીથી બ્રિટીશરોએ એને ઈન્ડિયાનો હિસ્સો બનાવી દીધો..આપણને આ બધું આઝાદી સાથે વારસામાં જ મળી ગયું..એકસમયે દુનિયાથી અલિપ્ત આ વિસ્તાર આજે પ્રવાસનના પર્યાય જેવો પ્રદેશ છે..અહીં ખેતી નહિવત છે...પશુપાલન એમના માટે અજાયબ વાત છે..દૂધની ડેરી હોય કે પશુઓનું લાલનપાલન થતું હોય એ વાત એમના માટે નવાઈપ્રેરક લાગે.અહીં હાથી ઘોડા બળદ કલ્પના બહારની વાત છે..ઊંટ તો જાણે પરીકલ્પના જ લાગે..આમ તે દૂધ એ દુર્લભ પદાર્થ છતાં આજકાલ અહીં ચા મળતી થઈ છે!એમાં આપણા 'અમૂલ'નો મિલ્ક પાવડર સર્વત્ર વપરાય છે..એ રીતે પણ ગુજરાતીઓનો જયજયકાર..!

સાંજના પાંચ વાગતાં તો રાત પડી જ જાય..અડાબીડ અંધારા વચ્ચે સમુદ્રની સોળેકળાઓ ખીલી ઉઠે છે..અહીંની કોઈ અલગ ભાષા નથી. મુખ્યત્વે તમિલ અને બંગાળી બૌલાય.....થોડાક દાર્જિલિંગ તરફના લોકો.કયાંક ગુજરાતી અને મરાઠી પણ છલકાય..આમ છતાં હિન્દી એ સાર્વત્રિક ભાષા...ગુર્જુઓ સહેલાણીઓ તરીકે થોકબંધ ઉતરે..સાથે લાવેલાં થેપલાં અથાણાં એ પણ માણે..એ રીતે જોઈએ તો આ લઘુ ભારત કહેવાય એવું સ્થળ.એના કિનારાઓ ઉપર ફરવાનો વૈભવ લાખેણો જ કહેવાય...જો સમય હોય તો ઓછામાં ઓછું એક અઠવાડિયું કાઢીને પરિવાર સાથે માણવા જેવો આ મુલક છે..આપણો દેશ કેટલો ભાતીગળ છે અને એની વિવિધતામાં સમાયેલી અજાયબી જેવી એની એકતા અનુભવવી હોય તો આંદામાન એક આદર્શ પ્રદેશ ગણી શકાય.

- rrthakkar2@gmail.com

# વૈકુંઠભાઈ મહેતા : સાદું જીવન તથા ઉચ્ચ વિચાર:

ઓક્ટોબર માસના આ ઉત્સવોની દીપમાળામાં વૈકુંઠભાઈનું વિશેષ સ્મરણ થાય છે. વૈકુંઠભાઈનો જન્મ ઓક્ટોબરની ૨૯મી તારીખે (૧૮૯૧) ભાવનગરમાં થયો હતો. ભાવનગર એ ખરા અર્થમાં 'બહુરત્ના વસુંધરા' છે.

ભાવનગરના રેલ્વે સ્ટેશન પર એક ટ્રેન આવીને ઉભી રહે છે. દેશ હજુ આઝાદ થયો ન હતો. ટ્રેન ઉભી રહી. વહેલી સવારનો સમય હતો. મુસાફરો એક પછી એક ટ્રેનના ડબામાંથી બહાર નીકળતા હતા. પોતપોતાના બેગ, બિસ્તરા કે પોટલાં ઉંચકી સૌ મુસાફરો રેલ્વે સ્ટેશનની બહાર નીકળતા હતા. એક યુવાન પ્રથમ વર્ગના ડબામાંથી બહાર નીકળે છે. એક નાની બેગ યુવાન પાસે છે. આ યુવાન મુસાફર 'ટ્રેનના પ્લેટફોર્મ પર નજર ફેરવી કુલીને શોધે છે. ફૂલી...ફૂલી એવી બુમ પણ પાડે છે. બરાબર આજ સમયે એ યુવાન ઉતર્યો તેની પાસેના ડબામાંથી એક બીજી વ્યક્તિ પણ ઉતરે છે. મુસાફર યુવાનથી થોડી મોટી ઉંમરના છે. એ સજ્જનના હાથમાં એક થેલી છે. આ વ્યક્તિએ કુલીને શોધતા યુવાનની સૂટકેસ ઉંચકી લીધી અને સ્ટેશનથી બહાર જવાના રસ્તે સ્વસ્થતાથી ચાલવા લાગ્યા. યુવાન મુસાફરે આ સૂટકેસ ઉંચકીને ચાલનાર 'ફૂલી'ની પાછળ ચાલવા માંડ્યું. ફૂલી મળી ગયો તેના સંતોષમાં સિગરેટ પણ સળગાવી અને સિગરેટનો ધુમાડો કાઢવા લાગ્યો. યુવાન તથા ફૂલી જયારે બહાર નીકળ્યા ત્યારે આ યુવાન મુસાફરનો ભ્રમ ભાંગી જાય છે. તે ડઘાઈ જાય છે. ડરી પણ જાય છે. કારણ કે આ 'ફૂલી'ને સ્ટેશને સત્કારવા ત્રણ ચાર માણસો ઉભા છે. તેને ઝૂકીને નમન કે નમસ્તે પણ કરે છે. સામે જ ભાવનગર રાજયની વૈભવી ગાડી ઉભી છે. આ 'ફૂલી'ના પિતા ભાવનગર રાજ્યના દીવાન છે. તેઓ પણ પુત્રની રાહ જોતા ગાડીમાં બેઠા છે. હવે આ ફૂલી પેલા યુવાનને મંદ હાસ્ય કરતા સહેજ પણ અણગમો વ્યક્ત કર્યા સિવાય કહે છેઃ

"આપણું કામ જાતે કરતા શીખો. સૂટકેસમાં ઝાઝો ભાર નથી. તમારે તો હજુ ઘર, ગામ તથા દેશનો ભાર ઊંચકવાનો છે." આટલું કહીને સામે ઉભેલી રાજ્યની ગાડીમાં બેસી જનાર આ સજ્જન વૈકુંઠભાઈ મહેતા છે. તેના પિતા લલ્લુભાઈ મહેતા ભાવનગર રાજ્યના દીવાન છે. સાદગી અને સંસ્કાર વૈકુંઠભાઈને વારસામાં મળેલા છે. યુવાન વયે જ ગોપાલકૃષ્ણ ગોખલેના વિચારોથી પ્રભાવિત થનાર વૈકુંઠભાઈ ગાંધીજીની વિચારધારાના અગ્રજ વાહક હતા. આજે સામાજિક ક્ષેત્રોમાં ઊંડા ઉતરીને લોકોના ખરેખરા હિતમાં હોય તેવા કાર્યકર્તાઓની અછત ઉડીને આંખે વળગે તેવી છે. આથી આ સંદર્ભમાં પણ પ્રેરણા મેળવવા માટે વૈકુંઠભાઈ જેવા સામાજિક અગ્રણીનું સ્મરણ થતું રહે છે.

પિતા લલ્લુભાઈનો વસવાટ ભાવનગરથી મુંબઈ થતા વૈકુંઠભાઈ મુંબઈ આવ્યા. મેટ્રિક થયા પછી મુંબઈની પ્રસિદ્ધ કોલેજ એલ્ફિસ્ટન કોલેજમાં પ્રવેશ મેળવ્યો. અહીં કોલેજમાં તેમને બે આજીવન મિત્રો મળ્યા. તેમાંના એક તે અબ્દુલા બ્રેલવિ અને બીજા મહાદેવભાઈ દેસાઈ-ગાંધીજીના સમર્પિત સચિવ. ત્રણે મિત્રોમાં એક વસ્તુ કોમન હતી. ત્રણેય મિત્રો અભ્યાસમાં સ્કોલર હતા. પરીક્ષાઓના પરિણામમાં તેઓ હંમેશા મોખરે રહેતા હતા. જોગાનુજોગ એવું થયું કે કોલેજની ઈન્ટરમિડિયેટ પરીક્ષામાં મહાદેવભાઈ કરતા વૈકુંઠભાઈને બે ચાર માર્ક્સ વધારે મળ્યા. પ્રથમ ક્રમાંક જે વિદ્યાર્થી પ્રાપ્ત કરે તેને સ્કોલરશીપ મળે તેવો નિયમ હતો. મહાદેવભાઈની આર્થિક સ્થિતિ નબળી હતી. આથી સ્કોલરશીપ ન મળે તો આગળનો અભ્યાસ ચાલુ રાખવો તે તેમના માટે મુશ્કેલ હતું. કોઈની મદદ માંગીને આગળનો અભ્યાસ કરી શકાય પરંતુ મદદ માંગે તો એ મહાદેવ શાના? મિત્રના કહ્યા સિવાય મિત્રની મુશ્કેલી સમજી શકનાર વૈકુંઠભાઈ કોલેજના પ્રિન્સિપાલને મળીને પોતાનો સ્કોલરશિપનો હક્ક જતો કરે છે. પ્રથા અનુસાર પ્રથમ ક્રમે આવનાર સ્કોલર-શિપનો લાભ ન લે તો તે લાભ બીજા ક્રમે આવનાર ને મળે. બીજા ક્રમે મિત્ર મહાદેવ હતો તેથી ગણતરીપૂર્વક આ નિર્ણય વૈકુંઠભાઈએ કર્યો હતો. આ નિર્ણયને વૈકુંઠભાઈના પિતા લલ્લુભાઈએ ખુશ થઈને વધાવી લીધો. સંસ્કાર તથા સંવેદશીલતાનું આ એક ઉજળું ઉદાહરણ છે. વૈકુંઠભાઈએ જીવનભર એલ્ફિસ્ટન કોલેજ સાથેનો સંબંધ જાળવી રાખ્યો હતો. માતાનું અવસાન થતાં




વૈકુંઠભાઈ તથા બે નાના ભાઈઓને મોટાબહેન સુમતિબહેને જનેતા જેવો સ્નેહ આપ્યો હતો.

બ્રિટિશ હિન્દમાં ખેડૂતોના પ્રશ્નો વ્યાપક તથા ગંભીર પ્રકારના હતા. આથી તેના ઉકેલ માટે સહકારી પ્રવૃત્તિનો વિકાસ એક સ્થાયી વ્યવસ્થા તરીકે કરવાનો પ્રયાસ જાગૃત લોકોએ કર્યો હતો. સરકારે પણ આ માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરી હતી. આ સમિતિમાં વૈકુંઠભાઈ મહેતાના પિતા લલ્લુભાઈ હતા. બાકીના અંગ્રેજ અધિકારીઓ હતા. પિતાના આ કામમાં મદદ કરતા કરતા જ વૈકુંઠભાઈને સહકારી પ્રવૃત્તિમાં રસ પડવા લાગ્યો. તેઓ આ સંદર્ભમાં જ બોમ્બે સેન્ટ્રલ કોઓપરેટીવ બેંકમાં જોડાયા જે ભવિષ્યમાં મહારાષ્ટ્ર સ્ટેટ કોઓપરેટીવ બેંક તરીકે જાણીતી થઈ. વૈકુંઠભાઈ મુંબઈ રાજયના નાણામંત્રી થયા ત્યાં સુધી આ મધ્યસ્થ બેંકને વિકસાવી અને અને મજબૂત કરી.

વૈકુંઠભાઈનો મહત્વનો ફાળો સહકારી સંસ્થાઓમાં કામ કરતા લોકોની તાલીમની વ્યવસ્થા ઉભી કરવામાં રહ્યો હતો. તેમને મન સહકાર એટલે એક જીવનપદ્ધતિ(વૅ ઑફ લાઈફ) હતી. રાજ્યથી સ્વતંત્ર એવી મજબૂત સહકારી સંસ્થાઓ વિકસાવવાનું તેમનું સ્વપ્ન હતું. જો કે વૈકુંઠભાઈ આપણી વચ્ચેથી વહેલા ગયા. ૧૯૬૪ના ઓક્ટોબરમાં આ દીપનિર્વાણ થયું. આથી ઘણી બધી બાબતો જે તેમને કરવી હતી તે અધૂરી રહી.

ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતા તેમજ મહાત્મા ગાંધીની ઈચ્છાને માન આપીને વૈકુંઠભાઈ મુંબઈની ધારાસભામાં ગયા. રાજયના નાણામંત્રી પણ બન્યા. પરંતુ તેઓ રાજકારણના આટાપાટાથી ઘણાં દૂર હતા. સહકાર અને ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રના તેઓ ભેખધારી હતા. ઢેબરભાઈ વૈકુંઠભાઈને વ્યવહારુ સમજશક્તિ ધરાવતા પ્રખર અર્થશાસ્ત્રી તરીકે ઓળખાવે છે. વૈકુંઠભાઈનું સ્મરણ પ્રેરણાદાયક છે.

# ડહાપણની દાઢની સમસ્યા : નિદાન તથા સારવાર

ડહાપણની દાઢની સમસ્યા : નિદાન તથા સારવાર

અમારા ક્લિનિકમાં થોડા સમય પહેલા એક બહેન આવ્યા હતા, તેમની તકલીફ હતી કે તેમને ડાબા ગાલમાં દુઃખાવો લાગતો હતો, જે ડાબા કાન સુધી સણકા મારતા હતા. તેઓની આ તકલીફ લગભગ ૪-૫ દિવસની હતી. તેમું ચેકઅપ કરતા જોવા મળ્યું કે તેમને ડહાપણની દાઢની તકલીફ હતી. જેમાં સડો થઈ ચૂક્યો હતો. એક્સ-રે લઈને ચેક કરતા માલૂમ પડ્યું કે તેમને હાડકામાં પણ ઈન્ફેકશન દેખીતું હતું. તેમને તે દાંતની નીચે પેરી અપાઈકલ એબ્સેસ રહેતો હતો. અમે તે સમયની પરિસ્થિતિ, દર્દીની ઈચ્છા તથા ઉંમર અને અન્ય તબીબી પરિસ્થિતિઓને અનુરુપ તે ડહાપણની દાઢ કઢાવી



નાખવાની સલાહ આપી અને તે પ્રમાણે તેમની સમસ્યાનું નિદાન અને સારવાર થઈ.

તો મિત્રો, આજનો આપણો અંક ડહાપણની દાડને લગતી સમસ્યાઓ જેમ કે તેઓ સડો, દુઃખાવો ઈન્ફેકશન અને સારવારને લગતો છે.

મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે આપણે ખોરાક ચાવવા માટે ૩૨ દાંત ઈશ્વરે આપેલ છે. તેમાંના ૪ દાંત એટલે કે ડહાપણની દાઢ સામાન્યત : ૧૮ વર્ષ પછીની ઉંમરમાં મોઢામાં ઉગતી હોય છે. તેથી જ તેને 'ડહાપણ'ની દાઢ કહે છે. પરંતુ આ દાઢ જો મોઢામાં જગ્યા હોય તો સામાન્ય દાંતની જેમ જ ઉગીને સીધી જ આવતી હોય છે. તો કોઈ જ પ્રકારની તકલીફ આપતી નથી.

પરંતુ જો ડહાપણની દાઢ ને ઉગવા માટે પૂરતી જગ્યા જડબામાં ન હોય ત્યારે તે વિવિધ પ્રકારની સમજ્યા સર્જી શકે છે.

૧) દાઢનો સડો :

આમ તો દાંતનો સડો કોઈ પણ દાંતમાં થઈ શકે છે પરંતુ ડહાપણની દાઢ મોઢામાં ખૂણામાં, ઘણી વાર ત્રાંસી હોવાને લીધે વ્યક્તિ તેની પૂરતી સફાઈ કરી શકતી નથી. તો ખાવાનું ફસાઈ જવાના લીધે દાંતનો સડો તેમાં જોવા મળી શકે છે. આવી પરિસ્થિતિમાં જો ડહાપણની દાઢનો સડો ઊંડો ન હોય અને તેમાં ફીલીંગ થઈ શકવાની શક્યતા હોય તો તેમાં ફીલીગ કરી શકાય, તે વસ્તુ રૂટ કેનાલ સારવાર માટે લાગુ પડે છે. પરંતુ જો તેની જગ્યા ખૂબ જ અટપટી હોય અને તે ત્રાંસી હોય તો તેને પાડી નાઓખવા સિવાય ઉપાય બચતો નથી.

(૨) ડહાપણની દાઢ ત્રાંસી




આવવી.

ડહાપણની દાઢ પૂરતી જગ્યા ન હોવાનાં લીધે મોઢામાં ત્રાંસી ઊગી શકે છે. જો તે ગાલ તરફ ત્રાંસી ઉગે તો તે ગાલમાં ચાંદી પાડી શકે છે. ગાલ ચવાઈ જવાનાં લીધે પણ વ્યક્તિને દુઃખાવો રહી શકે છે. આવી પરિસ્થિતિમાં ડહાપણની દાઢને કઢાવી નાખવી હિતાવહ છે. કારણ કે ન રુઝાતું ચાદું મોઢામાં કેન્સરમાં પણ પરિણમી શકે છે.

આ ઉપરાંત ત્રાંસી ઉગેલ દાઢના લીધે વ્યક્તિનાં જડબાંનાં હાડકામાં પણ દુઃખાવો થઈ શકે છે.

(૩) ડહાપણની દાઢ ઈમ્પેકટેડ (હાડકામાં જ) હોવી

ઘણી વખત ડહાપણની દાઢ આડી હોવાની લીધે કે ત્રાંસી હોવાના લીધે મોઢામાં ઊગી શકતી નથી. આ પરિસ્થિતિમાં તે દાઢ વ્યક્તિના હાડકામાં જ રહે છે. ઘણી વખત તે આગળની દાઢમાં દબાણ આપીને સડો કરી શકે છે. આ ઉપરાંત તેના દબાણથી આગળનાં દાંત વાંકાચૂકા પણ કરી શકે છે. આવી પરિસ્થિતિમાં 'ડિસઈમ્પેકશન' પ્રક્રિયા કે જેમાં ઈમ્પેકટેડ ડહાપણની દાઢને શસ્ત્રક્રિયા દ્વારા કાઢી નાખવામાં આવે છે.

તો મિત્રો જો તમને પણ દાંતના દુઃખાવાનો વ્યાધિ પરેશાન કરી રહ્યો હોય અને તે લાંબા સમય સુધી મટતો ન હોય, તો એકવાર અવશ્ય આપના ડેન્ટિસ્ટની મુલાકાત લઈને નિદાન ચોક્કસ કરાવો.

# Team Shardhadeep